# રાજ્યમાં IAS-IPSની સંભવિત બદલીને લઈ અટકળોનો દોર શરૂ

**વાઈબ્રન્ટ** સમિટ અને બજેટ પહેલાં વહીવટી માળખામાં ફેરફારની શક્યતા

ગાંધીનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની બે દિવસની ગુજરાત મુલાકાત પૂર્ણ થયા બાદ હવે સચિવાલયના વહીવટી વર્તુળોમાં સંભવિત ફેરફારોને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે. લાંબા સમયથી એક જ જગ્યાએ જવાબદારી સંભાળતા અધિકારીઓ, વધારાના હવાલા હેઠળ ચાલતા વિભાગો અને આગામી દિવસોમાં સરકારના મહત્ત્વના કાર્યક્રમો સાથે સંકળાયેલા વિભાગોમાં નવી નિમણૂકો અંગે અંદરખાને હલચલ શરૂ થઈ હોવાનું વહીવટી વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ અને નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટની તૈયારીઓને ધ્યાનમાં રાખીને વહીવટી માળખામાં ફેરફાર થાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સચિવાલયમાં ચર્ચાનો મુખ્ય મુદ્દો એ છે કે અનેક વિભાગોનો વધારાનો હવાલો સંભાળતા વરિષ્ઠ અધિકારીઓને હવે એક જ જવાબદારી સુધી મર્યાદિત કરવામાં આવશે કે પછી સરકારનો વિશ્વાસ ધરાવતા અધિકારીઓને વધુ વિભાગોની જવાબદારી સોંપીને હાલની વ્યવસ્થા યથાવત્ રાખવામાં આવશે. કેટલાક મહત્ત્વપૂર્ણ વિભાગોમાં કાયમી અધિકારીની નિમણૂકની જરૂરિયાત પણ ચર્ચામાં છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર નિર્ણય કે બદલીઓની યાદી જાહેર થઈ નથી.

## પોલીસ બેડામાં પણ બદલી-બઢતીની રાહ

સચિવાલયની સાથે પોલીસ વિભાગમાં પણ અધિકારીઓની બદલીઓનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં છે. દિવાળીના તહેવાર નજીક આવતાં પોલીસ વર્તુળોમાં સંભવિત ફેરફારો અંગેની ચર્ચાઓ વધુ તેજ બની છે. કેટલાક અધિકારીઓ મહત્વના શહેરો, રેન્જ કે એકમોમાં નિમણૂક મેળવવાની અપેક્ષા રાખી રહ્યા છે, જ્યારે હાલના હોદ્દા પર કાર્યરત અધિકારીઓમાં પણ પોતાની જવાબદારી બદલાશે કે યથાવત્ રહેશે તે અંગે ઉત્સુકતા છે.

## દિવાળી પહેલાં યાદી કે પછી વહીવટી રાહત?

પોલીસ તંત્રમાં આંતરીક રીતે એક ચર્ચા એવી પણ છે કે લાંબા સમયથી અટકેલી બદલીઓની યાદી દિવાળી પહેલાં જાહેર થશે કે તહેવારો બાદ સરકાર નિર્ણય લેશે. જો તહેવારના અંતિમ દિવસોમાં આદેશો જાહેર થાય તો બદલી પામેલા અધિકારીઓએ તહેવારની ઉજવણીની સાથે નવા સ્થળે કાર્યભાર સંભાળવાની તૈયારી પણ કરવી પડી શકે છે.

## અનુસ્નાતક MS, MD-ડિપ્લોમા મેડિકલમાં પ્રથમ રાઉન્ડમાં ૬,૦૯૪નો સમાવેશ

અમદાવાદ: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અનુસ્નાતક કક્ષાના એમ.ડી., એમ.એસ. અને ડિપ્લોમા મેડિકલ કોર્સના પ્રથમ રાઉન્ડની ચોઇસ ફિલિંગ અને એલોટમેન્ટ પ્રક્રિયા પૂર્ણ થઈ છે. પ્રથમ રાઉન્ડમાં ૬,૦૯૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. પ્રથમ રાઉન્ડના અંતે કુલ ૨,૬૮૮ બેઠકોમાંથી ૩૫૯ બેઠકો ખાલી રહેવા પામી છે. પ્રવેશ પ્રક્રિયા માટે ૫,૮૮૪ વિદ્યાર્થીઓએ ચોઇસ ફિલિંગ કર્યું હતું. પ્રથમ રાઉન્ડના એલોટમેન્ટ બાદ સરકારી ક્વોટાની ૧૮૦, મેનેજમેન્ટ ક્વોટાની ૨ અને એનઆરઆઈ ક્વોટાની ૧૭૭ બેઠકો ખાલી રહી છે. પ્રથમ રાઉન્ડમાં સમાવેશ વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફીની ઓનલાઈન ચુકવણી શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ૬ નવેમ્બર, બપોરે ૨ વાગ્યા સુધી નિયત બેંકની શાખામાં ફી ભરી શકશે. ૨થી ૬ નવેમ્બર દરમિયાન નિયત હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે.

# રખડતાં ઢોરના નામે પશુપાલક પાસે હપ્તાની ઉઘરાણી કરવામાં પકડાયો

**રખડતાં** ઢોર પકડવા અને પશુપાલક સામે દંડાત્મક કાર્યવાહી નહીં કરવા ગાંધીનગર મનપાનો લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટરે ૪૦ હજારની માંગણી કરી હતી

ગાંધીનગર: દિવાળીના તહેવાર ટાણે જ ગાંધીનગર મહાનગરપાલિકાની સીએનસીડી શાખામાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે.

ફરિયાદી પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. મનપાની સીએનસીડી શાખા હેઠળ ઢોર પકડવાની કામગીરી કરતી ટીમમાં આઉટસોર્સ એજન્સી મારફતે લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ૨૨ વર્ષીય જયદીપસિંહે ફરિયાદીના પશુઓ પકડી તેમની સામે નિયમ મુજબ દંડાત્મક કેસ નહીં કરવા અને દિવાળીના હપ્તા પેટે શરૂઆતમાં રૂ. ૪૦ હજારની માગણી કરી હતી. આટલી મોટી રકમ ચૂકવવાની સ્થિતિ ન હોવાથી ફરિયાદીએ લાંચ આપવાને બદલે ગાંધીનગર એસીબીનો સંપર્ક કરી લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. સેક્ટર-૨૮ના ગાર્ડન પાછળના રોડ પર આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કર્યા બાદ સમાધાન મુજબ રૂ. ૨૨ હજારની રકમ સ્વીકારી હતી. આ સાથે જ વોચમાં રહેલી એસીબીની ટીમે તેને ઝડપી લીધો હતો. આરોપી પાસેથી લાંચની સંપૂર્ણ રકમ રિકવર કરવામાં આવી છે.

# સરદાર પટેલની જન્મજયંતીએ અમદાવાદથી સોમનાથ સુધી રાષ્ટ્રીય એકતાની ઉજવણી

**સોમનાથમાં** સરદારની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી મંદિરની ધરોહર જાળવવાનો સંકલ્પ કરાયો

અમદાવાદ: અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે સોમનાથ ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સરદાર પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

અમદાવાદમાં રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રિવરફ્રન્ટ, ઉસ્માનપુરાથી રિવરફ્રન્ટ હાઉસ બિલ્ડિંગ સુધી 'રન ફોર યુનિટી' યોજાઈ હતી, સોમનાથ ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ મંદિરના ભવ્ય પુનઃનિર્માણના સંકલ્પકર્તા સરદાર પટેલની પ્રતિમાને શાસ્ત્રોક્ત શ્લોકોચ્ચાર સાથે પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સોમનાથ મહાદેવ સમક્ષ વિધિવત પૂજા-અર્ચના કરી પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય એકતા, અખંડિતતા તથા સોમનાથની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખવાનો સંકલ્પ લેવાયો હતો.

# જનગણના-2027, બીજા તબક્કાની વસતી ગણતરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ

**મુખ્ય** સચિવ એમ.કે. દાસના અધ્યક્ષસ્થાને રાજ્યસ્તરીય સંકલન સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર: દેશની આગામી જનગણના-૨૦૨૭ના બીજા તબક્કા એટલે કે વસતી ગણતરીની કામગીરીને લઈને ગુજરાત સરકારે તૈયારીઓની સમીક્ષા શરૂ કરી છે. આ કામગીરી રાજ્યભરમાં સુચારું રીતે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે મુખ્ય સચિવ એમ.કે. દાસના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં ગુજરાત રાજ્યસ્તરીય જનગણના સંકલન સમિતિ (SLCCC)ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના વિવિધ વિભાગો અને સંબંધિત સરકારી એજન્સીઓ વચ્ચે સંકલન, કામગીરીનું આયોજન, સમયપત્રક અને બીજા તબક્કામાં ઉપયોગમાં લેવાનારી ડિજિટલ સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્ય સચિવ એમ.કે. દાસે બેઠકમાં તમામ સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન જાળવીને જનગણનાની કામગીરી હાથ ધરવા અને દરેક તબક્કાની નિર્ધારિત સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી. રાજ્યભરમાં જનગણના સાથે જોડાયેલા લક્ષ્યાંકો અને મહત્ત્વપૂર્ણ કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તેમજ સમગ્ર પ્રક્રિયા કાર્યક્ષમ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તેના પર તેમણે ભાર મૂક્યો હતો.

# ઈઝરાયલની વસ્તીના ૨૦ ટકા આરબોને સેકન્ડ ક્લાસ સિટીઝન ગણવામાં આવે છે

ટુ ધ પોઈન્ટ ■ સંજય વોરા ■

ઇઝરાયલની સામાન્ય ચૂંટણીનાં પરિણામો સૂચવે છે કે આ વખતે આરબ-નેતૃત્વ હેઠળના પક્ષો કિંગમેકર તરીકે ઉભરી શકે છે, કારણ કે ત્યાંની મોટા ભાગની આરબ વસ્તી મુસ્લિમ છે. ઇઝરાયલ યહૂદીઓ માટે ખાસ બનાવવામાં આવેલો દેશ છે, તો પછી અહીં મુસ્લિમોની આટલી મોટી વસ્તી કેવી રીતે રહે છે? ૧૯૪૮માં જ્યારે ઇઝરાયલ એક દેશ બન્યો, ત્યારે આ વિસ્તારમાં રહેતાં લાખો આરબ લોકો પોતાનાં ઘર છોડી બીજે ચાલ્યા ગયાં હતાં. જે લોકો બાકી રહ્યાં તેમને પાછળથી સરકારે નાગરિકતા આપી અને હવે તેઓ ઇઝરાયેલી આરબ તરીકે ઓળખાય છે. ઇઝરાયલમાં રહેતાં આરબો દેશમાં સૌથી મોટો લઘુમતી સમુદાય બનાવે છે. તેઓ ઇઝરાયલના કબજા હેઠળના વેસ્ટ બેન્ક અને ગાઝા પટ્ટીમાં રહેતાં આરબ પેલેસ્ટિનિયનોથી અલગ છે.

ઇઝરાયલની કુલ વસ્તીના લગભગ ૨૦ ટકા લોકો આરબ મૂળના છે. આરબ નાગરિકોને કાયદેસર રીતે યહૂદીઓ જેવા જ અધિકારો આપવામાં આવ્યા છે, જેમાં મતાધિકારનો પણ સમાવેશ થાય છે. બંને સમુદાયો વચ્ચે ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક તફાવતો પણ છે. ઇઝરાયલની લઘુમતી વસ્તીનાં ૮૦ ટકા લોકો મુસ્લિમ છે, બાકીના ખ્રિસ્તીઓ અને ડ્રુઝ છે. ઇઝરાયલ પોતાને એક યહૂદી અને લોકશાહી દેશ તરીકે વર્ણવે છે, પરંતુ ટીકાકારો આ વાત સાથે અસંમત થાય છે. ઇઝરાયલી સરકારનો દાવો છે કે આરબ નાગરિકોને યહૂદીઓ જેવા જ નાગરિક અને કાનૂની અધિકારો છે. જો કે, આરબ નાગરિકોને સામાન્ય રીતે ફરજિયાત લશ્કરી સેવામાંથી મુક્તિ આપવામાં આવે છે. ડ્રુઝ સમુદાયના પુરુષો સહિત કેટલાંક જૂથો લશ્કરી સેવા માટે અલગ અલગ નિયમોને આધીન છે. એક ઇઝરાયલી આરબ સાંસદે ઇઝરાયલી વ્યવસ્થા વિશે કહ્યું છે કે યહૂદીઓ માટે ઇઝરાયલ લોકશાહી દેશ છે, જ્યારે આરબો માટે તે યહૂદી રાજ્યની જેમ કાર્ય કરે છે. આરબ સમુદાયમાં ઘણાં લોકો પોતાને બીજા વર્ગનાં નાગરિકો તરીકે પણ વર્ણવે છે. ૨૦૦૩ માં રચાયેલા ઓર કમિશને તેની તપાસમાં શોધી કાઢ્યું કે ઇઝરાયલના આરબ સમુદાય પ્રત્યે સરકારનું વલણ ભેદભાવપૂર્ણ હતું. તેવી જ રીતે, અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના એક અહેવાલમાં જણાવાયું છે કે ઇઝરાયલનાં આરબ નાગરિકો કાનૂની અને સામાજિક ભેદભાવોનો સામનો કરે છે.

ઇઝરાયલી આરબોની સૌથી મોટી વસ્તી ઉત્તર ઇઝરાયલમાં સ્થિત છે, જેમાં નાઝરેથ, ઉમ્મ અલ-ફહમ અને સખ્નીન જેવાં શહેરો તેનાં મુખ્ય કેન્દ્રો છે. ઘણાં લોકો હાઇફા, જાફા અને એકર જેવાં મિશ્ર શહેરોમાં પણ રહે છે, જ્યાં આરબ અને યહૂદી બંને સમુદાયો સાથે રહે છે. ઇઝરાયલી સરકારે ૧૯૪૮ પછી પોતાનાં ઘર છોડી ગયેલાં આરબોની જમીન જપ્ત કરી લીધી હતી. ઓર કમિશન મુજબ, આ એક વિશાળ વિસ્તાર હતો. કમિશને એમ પણ કહ્યું હતું કે ત્યાર બાદની નીતિઓએ ઇઝરાયેલી આરબોની જમીનમાં વધુ ઘટાડો કર્યો હતો. ચોક્કસ આંકડા મેળવવા મુશ્કેલ છે, પરંતુ ઇઝરાયેલી આરબો કુલ વસ્તીના આશરે ૨૦ ટકા છે, પરંતુ તેઓ દેશની માત્ર ૩ ટકા જમીનના માલિક છે. ૧૯૪૮ પછી બેદુઈન ટાઉનશીપ સિવાય કોઈ નવાં આરબ નગરોની સ્થાપના થઈ ન હતી, જ્યારે ઇઝરાયલી આરબ વસ્તીમાં ઓછામાં ઓછો સાત ગણો વધારો થયો છે. ઘણી આરબ વસાહતો લશ્કરી ચોકીઓ, યહૂદી પ્રાદેશિક પરિષદો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને ધોરી માર્ગોથી ઘેરાયેલી છે. આમ તેમના વિસ્તરણને અટકાવાય છે. દક્ષિણ ઇઝરાયલના નેગેવ પ્રદેશમાં લગભગ ૧,૬૦,૦૦૦ બેદુઈન આરબો અથવા વિચરતાં બેદુઈન જૂથો રહે છે. આમાંથી અડધાં લોકો પછાત વસાહતોમાં રહે છે, જે મૂળભૂત સુવિધાઓથી વંચિત છે.

ઇઝરાયલી આરબ પરિવારોના અડધાથી વધુ પરિવારો ગરીબીમાં જીવે છે. યહૂદી ઇઝરાયલી પરિવારોમાં આ આંકડો લગભગ ૧૫ ટકા છે. આ અંતર સતત વધી રહ્યું છે. મોસાવા એડવોકેસી સેન્ટર અનુસાર, છેલ્લાં ઘણાં વર્ષોમાં એક સિવાય દર વર્ષે આરબ સમુદાયો માટેના સરકારી વિકાસ ભંડોળમાં કાપ મૂકવામાં આવે છે. ઘણા આરબ વિસ્તારોમાં મ્યુનિસિપલ સેવાઓ પણ યહૂદી વિસ્તારો કરતાં નબળી છે. અહીંની સ્કૂલોમાં બહુ ઓછા વર્ગખંડો છે, જૂના રસ્તાઓ છે અને સ્થાનિક રોજગારની તકો ખૂબ ઓછી છે. કેટલાંક ઇઝરાયલીઓ આ ભેદભાવ માટે આરબ વિસ્તારોમાં મ્યુનિસિપલ ટેક્સની ઓછી વસૂલાતને દોષી ઠેરવે છે. મોસાવા સેન્ટર માને છે કે કેટલાંક આરબો નબળી સેવાઓના બદલામાં કર ચૂકવવા તૈયાર નથી. આ વિસ્તારોમાં ઓછાં કારખાનાંઓ, ધંધાઓ અને સરકારી કચેરીઓ છે, જે અન્ય વિસ્તારોની મ્યુનિસિપલ તિજોરી ભરે છે. અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટ અનુસાર, રોજગારનાં મોટા ભાગનાં ક્ષેત્રોમાં ઇઝરાયેલી આરબોનું પ્રતિનિધિત્વ ઓછું છે. મોસાવા સેન્ટર અનુસાર સરકારી કચેરીઓમાં ફક્ત આઠ ટકા કર્મચારીઓ ઇઝરાયેલી આરબ છે. હાઇ-ટેક કંપનીઓમાં ૭૦,૦૦૦ કર્મચારીઓમાંથી ફક્ત ૩૦૦ આરબ છે. અરબી એક સત્તાવાર ભાષા છે, પરંતુ તેનો હિબ્રુ ભાષા જેવો દરજ્જો નથી. મુસ્લિમ અને ખ્રિસ્તી તહેવારોને રાષ્ટ્રીય રજાઓ તરીકે ગણવામાં આવતા નથી, જ્યારે યહૂદી તહેવારો ગણાય છે. ઇઝરાયલમાં સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી કોઈ અરબી ભાષાની યુનિવર્સિટી નથી.

મોસાવા સેન્ટર અનુસાર, ઇઝરાયલના ઓછામાં ઓછા ૨૦ કાયદાઓ ખુલ્લેઆમ આરબો સામે ભેદભાવ કરે છે. ઇઝરાયલી આરબોને સત્તાવાર લઘુમતીનો દરજ્જો નથી. સૌથી વિવાદાસ્પદ કાયદાઓમાંનો એક ૨૦૦૩નો નાગરિકતા કાયદો છે. આ કાયદા હેઠળ કબજા હેઠળના વેસ્ટ બેન્ક અથવા ગાઝાના પેલેસ્ટિનિયનો જે ઇઝરાયલીઓ સાથે લગ્ન કરે છે તેમને સામાન્ય રીતે ઇઝરાયલમાં સ્થળાંતર કરવાની મંજૂરી મળતી નથી. આ પ્રતિબંધ ૨૫ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓ અને ૩૫ વર્ષથી ઓછી ઉંમરના પુરુષોને લાગુ પડે છે. આનાથી મોટી ઉંમરનાં પેલેસ્ટિનિયનોને ફક્ત અસ્થાયી રૂપે રહેવાની મંજૂરી મળે છે. ઇઝરાયલ દલીલ કરે છે કે આ કાયદો સુરક્ષા માટે જરૂરી છે, જ્યારે આરબો દલીલ કરે છે કે તે તેમની સામે ભેદભાવ કરે છે. ઇઝરાયલમાં જમીન એ બીજો એક જટિલ મુદ્દો છે. ઇઝરાયલની લગભગ ૯૩ ટકા જમીન સરકારી માલિકીની છે. તે નાગરિકોને ભાડે આપવામાં આવે છે. આમાંથી ૧૩ ટકા જમીન યહૂદી રાષ્ટ્રીય ભંડોળની માલિકીની છે, જે યહૂદી વતન માટે જમીન ખરીદવા માટે બનાવવામાં આવ્યું હતું. હકીકતમાં, આજે પણ ઇઝરાયલી આરબો માટે મોટા ભાગની સરકારી જમીન ભાડે લેવી મુશ્કેલ છે.

ઇઝરાયલ સરકારનું કહેવું છે કે ઇઝરાયલની રચના થઈ ત્યારથી શિક્ષણ, આરોગ્ય સંભાળ અને મહિલા અધિકારો જેવાં ક્ષેત્રોમાં આરબો માટે ઘણું કામ થયું છે. સરકારના મતે, આરબોની નબળી સામાજિક-આર્થિક સ્થિતિ પાછળ અન્ય કારણો પણ જવાબદાર છે. ઉદાહરણ તરીકે આરબોનાં પરિવારો મોટાં થઈ રહ્યાં છે અને સ્ત્રીઓ પાસે રોજગારની તકો ઓછી છે. ૨૦૦૦ નાં કોમી રમખાણો પછી ઓર કમિશનની રચના કરવામાં આવી હતી. તેની તપાસમાં જાણવા મળ્યું કે પોલીસની બેદરકારી, ભેદભાવ અને આરબ નેતાઓ દ્વારા કરવામાં આવેલાં ભડકાઉ નિવેદનો આ રમખાણો માટે જવાબદાર હતાં. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની પાછલી જમણેરી સરકારમાં એક લઘુમતી આરબ મંત્રીનો પણ સમાવેશ થતો હતો. સરકારે લઘુમતી વ્યવસાયોમાં સંયુક્ત રોકાણ માટે ૪ કરોડ ડોલરના ભંડોળની જાહેરાત પણ કરી હતી. ઇઝરાયલના રાજકારણમાં આરબોની ભૂમિકા નોંધપાત્ર છે. ૧૯૬૬ સુધી ઇઝરાયલી આરબો લશ્કરી શાસન હેઠળ હતાં. ૧૯૮૦ અને ૧૯૯૦ ના દાયકા સુધી સ્વતંત્ર આરબ રાજકીય પક્ષોની રચના થઈ ન હતી. હાલમાં ૧૨૦ બેઠકોવાળી ૨૫મી નેસેટમાં આરબ પક્ષોના ૧૩ સભ્યો છે. ઇઝરાયલમાં ખાસ કરીને જ્યારે પેલેસ્ટિનિયનો સાથે તણાવ વધે છે ત્યારે આરબોને ઘણી વાર પાંચમા સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાંક ઇઝરાયલી આરબો રાષ્ટ્રીય ચૂંટણીઓમાં ભાગ લેતાં નથી. આ માટે બે કારણો આપવામાં આવ્યાં છે. પહેલું, તેઓ માને છે કે તેમના મતથી કંઈ બદલાશે નહીં. બીજું, તેઓ ઇઝરાયલી રાજ્યને માન્યતા આપવા માંગતા નથી. ઇસ્લામિક મુવમેન્ટ બીજાં કારણને સમર્થન આપે છે. જો કે, તે સ્થાનિક ચૂંટણીઓમાં ભાગ લે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**મોસાવા સેન્ટર અનુસાર ઇઝરાયલના ઓછામાં ઓછા ૨૦ કાયદાઓ ખુલ્લેઆમ આરબો સામે ભેદભાવ કરે છે. ઇઝરાયલી આરબોને સત્તાવાર લઘુમતીનો દરજ્જો મળ્યો નથી**

# BUSINESS મિત્ર

# સેન્સેક્સમાં સાપ્તાહિક 1335 પોઈન્ટનો ઉછાળો

**હવે** કોર્પોરેટ પરિણામો અને યુએસ જોબ્સ ડેટા પર નજર, 23200 ઉપર જતાં નિફ્ટી 23600 થઈ શકે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 31: ભારતીય શેરબજારમાં ગત સપ્તાહમાં આઈટી શેરોના જોરે નિફ્ટીએ 23000 પોઈન્ટની સપાટી પાર કરવામાં સફળ થઈ હતી. આગામી દિવસોમાં આ તેજી આગળ વધારવા માટે કોર્પોરેટ કમાણી ઉપર રોકાણકારોની નજર રહેશે, જે બજારને ડ્રાઈવ કરવામાં મદદરૂપ થશે. જ્યારે વૈશ્વિક સ્તરે ઈકોનોમીક ડેટા ઉપર નજર રહેશે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર યથાવત રાખવાના નિર્ણય બાદ યુએસના જોબ્સ ડેટા ઉપર રોકાણકારોની નજર રહેલી છે. આ સિવાય ક્રુડ ઓઈલના ભાવની વધઘટ, જિયો પોલીટીકલ ટેન્શન અને વિદેશી રોકાણકારોના કામકાજને ધ્યાનમાં રાખીને શેરબજારમાં તેજી-મંદી જોવા મળશે.

ટેકનીકલ દ્રષ્ટિએ જોઈએ તો નિફ્ટીમાં 23200 પોઈન્ટનો નિર્ણાયક બ્રેકઆઉટ છે, જે નિફ્ટીને 23500થી 23600 સુધી ઉચકી શકે છે, પરંતુ ઉપલા સ્તરેથી વેચવાલીનું દબાણ પણ રહી શકે છે. ખાસ કરીને ગત સપ્તાહના અંતિમ તબક્કામાં સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં નફાવસુલી જોઈ હતી, જે રોકાણકારોને હજુય બજારની સ્થિરતા પર આશંકા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, જેથી દરેક ઉછાળે વેચવાલી રહે તેમાં કોઈ નવાઈ નહી.

વિતેલા સપ્તાહમાં કોર્પોરેટ કમાણી મિશ્ર રહી હતી, તેની સાથે વૈશ્વિક પણ મિશ્ર સંકેતો રહ્યા હતા, જેના પગલે ફ્રન્ટલાઈન શેરોમાં નવેસરથી ખરીદી નીકળી હોવાથી સેન્સેક્સમાં સાપ્તાહિક ઉછાળો જોવાયો હતો. જે 1335.70 પોઈન્ટ એટલે કે 1.83 ટકા વધીને 74459.53 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 453.10 પોઈન્ટ એટલે કે 2 ટકા વધીને 230.53.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. સાપ્તાહિક દ્રષ્ટિએ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 3.42 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 3.88 ટકા વધ્યો હતો. જોકે, સપ્તાહના અંતિમ દિવસે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નફાવસુલીનું દબાણ રહ્યું હતું. આ સિવાય સપ્તાહ દરમ્યાન બ્રોડર માર્કેટમાં સારૂ પ્રદર્શન રહ્યું હતું.

આગામી સપ્તાહમાં એઆઈ રોકાણ પર રોકાણકારોની નજર રહેશે, તેઓ રોકાણ ચાલુ રહેશે કે પાછું ખેંચાય છે, તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. જે રીતે અમેરિકા ટેક કંપનીઓનું નબળું પ્રદર્શન રહ્યું છે, જેનાથી વૈશ્વિક બજારો ઉપર તેની અસર જોવા મળી શકે છે.

## સોવરિન ગોલ્ડ બોન્ડમાં બમ્પર વળતર

**3785માં** ખરીદેલું યુનિટ 14213નું થયું, રોકાણકારોને 275% નફો

નવી દિલ્હી, તા. 31: આરબીઆઈની સોવરિન ગોલ્ડ બોન્ડ યોજનામાં રોકાણ કરનારા રોકાણકારોને સારૂં વળતર મળ્યું છે. આબીઆઈ એસજીબી 2019-20 સિરીઝ માટે અકાળ રિડમ્પશન ભાવ નક્કી કર્યો છે. આ બોન્ડ રોકાણકારો 30 ઓક્ટોબર, 2026ના રોજ તેમના ભંડોળ ઉપાડી શકે છે. આરબીઆઈના કહેવા અનુસાર આ શ્રેણીના રોકાણકારોને દરેક યુનિટ માટે રૂ. 14213 મળશે. રસપ્રદ વાત એ છે કે આ ગોલ્ડ બોન્ડ ઓનલાઈન ખરીદનારા રોકાણકારોએ તેને રૂ. 3785 પ્રતિ ભાવે ખરીદ્યું હતુ. હવે તેનું મુલ્ય વધીને રૂ. 14213 થઈ ગયું છે, એટલે કે રોકાણકારોને વ્યાજ સિવાય 275 ટકાથી વધુ વળતર મળી રહ્યું છે.

સરળ શબ્દોમાં એક લાખનું રોકાણ કરનારા રોકાણકારોને આશરે રૂ. 3.76 લાખનું મુલ્ય થઈ ગયું છે.

આરબીઆઈ અનુસાર ગોલ્ડ બોન્ડની રિડમ્પશન કિંમત પાછલા ત્રણ ટ્રેડિંગ દિવસોમાં 999 શુદ્ધતા સોનાના સરેરાશ બંધ ભાવ દ્વારા નક્કી કરવામાં આવે છે. જે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન દ્વારા જાહેર કરાયેલ સોનાના ભાવને આધાર બનાવવામાં આવે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# પેટ્રોલની નિકાસ ડ્યુટી નાબૂદ

**જ્યારે** ડીઝલ અને ATF પર ટેક્સ વધારાયો

**એપ્રિલ-**સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન ભારતની ઈંધણ નિકાસ કમાણીમાં લગભગ 50 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાઇ

નવી દિલ્હી, તા. 31: વૈશ્વિક ઉર્જા બજારમાં ઉથલપાથલ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારે ભારતના ઈંધણ નિકાસ દરોમાં નોંધપાત્ર ફેરફારની જાહેરાત કરી છે. નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નવીનતમ નોટિફિકેશન અનુસાર, પેટ્રોલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે. જોકે, તેનાથી વિપરીત સરકારે ડીઝલ અને એટીએફની નિકાસ પર ડ્યૂટી વધારવાનો નિર્ણય કર્યો છે. આ નીતિગત પગલાનો હેતુ વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલ પુરવઠામાં વિક્ષેપો વચ્ચે સ્થાનિક પુરવઠાને મજબૂત કરવા અને રિફાઈનરીઓના નિકાસ વલણોને સંતુલિત કરવાનો છે.

નાણાં મંત્રાલય દ્વારા શનિવારે જારી કરવામાં આવેલા નોટિફિકેશન હેઠળ સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટીમાં સુધારેલા દરો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે. જેમાં પેટ્રોલ નિકાસ પરની ડ્યૂટી 2.50 રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને શૂન્ય કરવામાં આવી છે, એટલે કે પેટ્રોલની નિકાસ પર હવે કોઈ ટેક્સ લાગશે નહીં. જ્યારે ડીઝલ માટે નિકાસ ડ્યુટી 3 રૂપિયા પ્રતિ લિટર વધારી દેવામાં આવી છે, જે દર 8.50 રૂપિયા પ્રતિ લિટરથી વધારીને 11.50 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. એટીએફની નિકાસ પરની ડ્યૂટીમાં 50 પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારબાદ તેનો નવો દર 10.50 રૂપિયા પ્રતિ લિટરથી વધીને 11.00 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.

મીડલ ઈસ્ટમાં સંઘર્ષ શરૂ થયો તે પહેલાં, ભારતની કુલ ક્રુડ ઓઈલની આયાતનો લગભગ 45 ટકા ભાગ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતો હતો. આ મુખ્ય દરિયાઇ માર્ગ પર વ્યાપારી જહાજોની અવરજવરમાં વિક્ષેપને કારણે ભારતને તેના ક્રુડ ઓઈલના સ્ત્રોતોમાં વિવિધતા લાવવાની ફરજ પડી છે. મધ્ય પૂર્વમાં યુદ્ધે વૈશ્વિક ક્રુડ ઓઈલના પુરવઠા પર દબાણ લાવ્યું છે, શિપિંગના જોખમોમાં વધારો કર્યો છે અને આંતરરાષ્ટ્રીય ભાવો ઊંચા રાખ્યા છે. આ હોવા છતાં, ભારત સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવને છૂટક સ્તરે સ્થિર રાખીને સ્થાનિક ગ્રાહકોને વૈશ્વિક આંચકાઓથી બચાવ્યા છે. બીજી તરફ નિકાસ ડ્યુટી દ્વારા સરકાર રિફાઈનરીઓ દ્વારા વિદેશ મોકલવામાં આવતા બળતણની માત્રા પર નિયંત્રણ રાખી રહી છે. આંકડા અનુસાર, મોંઘા ક્રુડ ઓઈલ અને નબળા રૂપિયાને કારણે કુલ વોલ્યુમમાં ઘટાડો હોવા છતાં, એપ્રિલ-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન ભારતની ઈંધણ નિકાસ કમાણીમાં લગભગ 50 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૨૦૦૦ |
| તેજાબી સોનું | ૧૪૧૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૪૯૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૯૧૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૨૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૮૩૫૦૦ |
| ચાંદી સિક્કા | ૧૮૫૦૦૦ |

# હેડ ઓફિસ દ્વારા બ્રાન્ચને ક્રોસ ચાર્જ ન કરવું એ કરચોરી નથી અને કલમ 74 હેઠળ ઓર્ડર પસાર કરી શકાય નહીં

**નામદાર ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો**

**કાયદાની કેડીએ...**

ઈશ્વર રૂદલાલ

GST કાયદામાં એક જ વ્યકિત જૂદા જૂદા રાજ્યોમાં કે એક જ રાજ્યમાં એકથી વધુ નોંધણી નંબર કરાવતી હોય તો દરેક નોંધણીને અલગ વ્યકિત ગણવામાં આવે છે તો મુખ્ય ઓફિસ દ્વારા સામાન્ય ખર્ચાઓ જૂદી જૂદી બ્રાંચ ઓફિસને ફાળવીને તેના પર GST ભરવાની પ્રથા ક્રોસ ચાર્જ તરીકે ઓળખાય છે ત્યારે સેન્ટ્રલ બોર્ડ CBIC દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી કે હેડ ઓફિસ દ્વારા બિલ આપવામાં આવેલ ન હોય ત્યારે સેવાનું મૂલ્ય શૂન્ય ગણી શકાય. ત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટે જાણીતી અમુલ કંપનીની રીટ મંજૂર કરી ખૂબ તાજેતરમાં ચૂકાદો આપી ઠરાવ્યું કે માત્ર કરોસ ચાર્જ ન કરવાથી કરચોરી કે હક્કીતા છુપાવવાનું ગણીને કલમ 74 હેઠળ ઓર્ડર પસાર કરી શકાય નહીં. ખેર ! ના.ગુજરાત હાઇકોર્ટના ગુજરાત કો.ઓ. બેઠક ફેડરેશન લિ.વિ. યુનિયન ઓફ ઇન્ડિયા સ્પે.સિ.એપ્લી. નં. 7085/2025ના તા. 14-10-26ના મૂળ તાજેતરના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હક્કીત...**

અરજદાર કંપની અમૂલ નામથી જાણીતી કંપની છે. તેની મુખ્ય ઓફિસ આણંદ ખાતે આવેલ છે જ્યારે તેથી વિવિધ શાખાઓ ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં સ્થિત છે. કંપની દ્વારા જાહેરાત વિ. માટે ખર્ચાઓ કરવામાં આવે છે. ત્યારે જૂલાઇ, 2017થી માર્ચ, 2019ના સમયગાળા દરમ્યાન મુખ્ય કચેરી દ્વારા કરવામાં આવેલા આવા ખર્ચાઓ તેની શાખાઓ વચ્ચે ટર્નઓવરને આધારે ખર્ચાની વહેંચણી કરીને ક્રોસ ચાર્જ કરવામાં આવેલ ન હતો. ત્યારે કલમ 74 હેઠળ કંપનીને કારણદર્શક નોટિસ બજાવવામાં આવી, જેનો કંપની તરફથી જવાબ આપવામાં આવ્યો. દરમ્યાન સેન્ટ્રલ બોર્ડ CBIC દ્વારા તા.17-7-23 તેમજ તા. 26-6-24ના બહાર પાડેલ પરિપત્રો તરફ કંપની દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું. આમ છતાં એડિ. કમિશ્નર દ્વારા કલમ 74 હેઠળ તા. 1-1-25નો ઓર્ડર પસાર કરીને રૂ. 43 કરોડથી વધુનું માંગણું ઉપસ્થિત કરતો ઓર્ડર પસાર કરવામાં આવતા કંપની દ્વારા ના.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઇલ કરવામાં આવી.

**દલીલ...**

કંપનીના વિદ્વાન એડવોકેટ તરફથી ના.દિલ્હી હાઇકોર્ટના મેટલ વન કોઓરેશન પ્રા.લી.ના ચકાદા પર આધાર રાખી રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં સેન્ટ્રબ બોર્ડના પરિપત્રોને આધારે ઊભી કરવામાં આવેલ ડિમાન્ડ રદ કરવામાં આવી હતી. આ કેસમાં હકીકતમાં કંપનીની અમદાવાદ બ્રાંચ સામે ઓર્ડર પસાર કરવામાં આવેલ છે જ્યારે કંપનીની હેડ ઓફિસ આણંદમાં છે. તો સેન્ટ્રલ બોર્ડના પરિપત્રો અનુસાર જયારે મુખ્ય કચેરી શાખાને સેવાઓના ક્રોસ ચાર્જ માટે બિલ ન બતાવેલ હોય ત્યારે આપેલ સેવાની કિંમત શૂન્ય ગણવાની રહે તો કંપનીએ માહિતી છુપાવેલ ન હોવાથી કલમ 74 હેઠળનો ઓર્ડર ગેરકાયદેસર છે.

**ચૂકાદો... સેવાનું મૂલ્ય શૂન્ય...**

નામદાર ગુજરાત હાઇકોર્ટે કંપનીની દલીલનો સ્વીકાર કર્યો કે સેન્ટ્રલ બોર્ડના તા. 17-7-23ના સરક્યુલસ મુજબ જો હેડઓફિસે બિલ ન આવેલ હોય તો મૂલ્ય શૂન્ય ગણાય તો મેટલ વન કોરપોરેશનના કેસમાં ના.હાઇકોર્ટે ઠાવ્યું છે કે બિલ ન આપવામાં આવ્યા હોય તો મૂલ્ય શૂન્ય ગણાય. આ કેસમાં હેડ ઓફિસે શાખાઓને બિલ આપેલ તથા અને તેથી સેવાઓનું મૂલ્ય શૂન્ય ગણાય આ વેરાઓની કોઇ જવાબદારી ઊભી થતી નથી.

**આદેશ ગેરકાયદેસર...**

આ કેસમાં નોટિસમાં કે ઓર્ડરમાં છેતરપિંડી, ઇરાદાપૂર્વકનું ખોટું નિવેદન કે હક્કીતો છુપાવવા અંગે કોઇ નોંધ કરવામાં આવેલ નથી. ના.સુપ્રિમકોર્ટે તાતા સ્ટીલ લી.ના ચૂકાદામાં ઠરાવ્યું છે કે છેતરપિંડી, ઇરાદાપૂર્વકનું નિવેદન કે હક્કીતો છુપાવવાની મૂળભૂત હકીકતો નોટિસમાં જ સ્પષ્ટ હોવી જોઇએ શબ્દોમાં માત્ર યાંત્રિક ઉપયોગ પૂરતો નથી.

તો તમામ ખર્ચા ઓફિસના ચોપડે નોંધાતા હતા અને તેથી ખાતાને કંપનીની કાર્યવાહીની જાણ હતી અને ના.હાઇકોર્ટે ઠરાવ્યું કે કરોસ ચાર્જ ન કરવાથી કલમ 74 હેઠળ ઓર્ડર પસાર કરી શકાય નહીં એમ જણાવી રીટ-પીટીશન મંજૂર કરી, એડિશનલ કમિશ્નરે સાર કરેલ તા. 1-1-25નો ઓર્ડર ગેરકાયદેસર ઠેરવી દૂર કર્યો.

# સરકારે કપાસની આયાત પર કસ્ટમ ડ્યુટી મુક્તિ 31 ડિસેમ્બર સુધી લંબાવી

**કાપડ** અને વસ્ત્ર ક્ષેત્રના ઇનપુટ ખર્ચમાં ઘટાડો થવાની અપેક્ષા

મુંબઈ, તા. 31સ્થાનિક કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ માટે પુરવઠો સુધારવા અને ઉત્પાદન ખર્ચમાં રાહત આપવાના હેતુથી, સરકારે કપાસની આયાત પરની કસ્ટમ ડ્યુટીમાં મળતી મુક્તિને બે મહિના લંબાવીને 31 ડિસેમ્બર, 2026 સુધી કરી દીધી છે. મે મહિનામાં જાહેર કરાયેલી પાંચ મહિનાની મુક્તિ બાદ આ મુદત લંબાવવામાં આવી છે, જે 31 ઓક્ટોબરના રોજ સમાપ્ત થવાની હતી.